ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા.૨૧.૦૨.૨૦૧૭

**લોકહિત, લોકકલ્યાણ, લોકવિકાસ સાથેનું સર્વાંગી પ્રગતિ કરવાનું અને એક પણ રૂપિયાનો વધારાનો ટેક્ષ નાંખ્યા વગરનું બજેટ છે. આગામી સમયમાં આ ઐતિહાસિક બજેટ "લોકવિજય" બની રહેશે- ભરત પંડ્યા**

---

**કોંગ્રેસે બજેટની હોળી કરીને ગુજરાતની જનતા માટેની સંવેદનશીલ યોજનાઓ થકી મળતા લાભોની હોળી કરીને કોંગ્રેસે રાજકીય મુર્ખામી કરી છે**

---

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં નાણામંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપેલ ઐતિહાસિક પ્રજાલક્ષી બજેટને આવકારતા પ્રદેશ પ્રવકતાશ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે, આ બજેટ લોકહિત, લોકકલ્યાણ અને લોકવિકાસ સાથેનું સર્વાંગી પ્રગતિ કરવાનું અને એક પણ રૂપિયાનો ટેક્ષ નાંખ્યા વગરનું બજેટ છે. આ બજેટ લોકવિજય બની રહેશે. આ બજેટમાં જન્મથી મૃત્યુ સુધીની સૈંકડો યોજનાઓ છે. આ બજેટમાં દરેક સમાજ, વર્ગોને આવરીને બજેટ બન્યું છે. ગરીબ, ગામડું અને કિસાનો કેન્દ્ર બિંદુમાં રહ્યાં છે. યુવા, મહિલાશક્તિને શિક્ષણ અને રોજગારી વધારીને સશક્તિકરણ કરનારૂં બજેટ છે.

શ્રી પંડયાએ જણાવ્યું કે, આ બજેટમાં સમગ્ર પત્રકારોને મા-વાત્સલ્ય યોજના હેઠળ આવરી લઈને તેમના પરિવારજનોને રૂા.૨ લાખની સારવારનો લાભ મળશે અને રૂા.૫ લાખનો વિમા સુરક્ષા યોજના અમલમાં મુકી છે. તે બદલ અભિનંદન પાઠવ્યાં છે.

શ્રી પંડયાએ કોંગ્રેસના છેલ્લા બજેટનાં આક્ષેપો સામે જવાબ આપતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ વિરોક્ષપક્ષથી નીચેની કક્ષાએ ઉતરી ગઈ છે. જૂઠ્ઠા આક્ષેપો કરવા, સોશીયલ મીડિયાનો આધાર પુરાવા વગરના ભ્રષ્ટાચારના આક્ષેપો કરી રહી છે તેમજ ગેરબંધારણીય પ્રશ્નો વિધાનસભામાં મુદ્દા ઊઠાવીને તોફાનો કરવા, છેલ્લી કક્ષામાં નિવેદનો આપવા, કાર્યક્રમો આપવા એ જ કોંગ્રેસની ઓળખ બની ગઈ છે. ગુજરાતની જનતાએ સ્વીકારવાની નથી. કોંગ્રેસે બજેટની હોળી કરીને ગુજરાતની જનતા માટેની સંવેદનશીલ યોજનાઓ થકી મળતા લાભોની હોળી કરીને કોંગ્રેસે રાજકીય મુર્ખામી કરી છે તેને ભાજપ સખ્ત શબ્દોમાં વખોડે છે.